This Question Paper contains 20 printed pages.

| પ્રશ્નપુસ્તિકાનો કોડ<br>Question Paper Booklet Code |
|---|
| **01** |

પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક :

*Time : 120 Minutes]* *[Maximum Marks : 100*

ઉમેદવારો માટેની અગત્યની સૂચનાઓ :

1) દરેક પ્રશ્નોના સરખા ગુણ છે. કુલ પ્રશ્નોની સંખ્યા **100** છે.

2) ઉમેદવારે ઉપરોક્ત પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક અને પ્રશ્ન પુસ્તિકા કોડ તેમજ પોતાનો બેઠક ક્રમાંક (Roll No.) ઉત્તરવહીમાં અવશ્ય દર્શાવવાના રહેશે. અને જો દર્શાવવામાં નહીં આવેલ હોય તો, તેવી ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી. દરેક જવાબો ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે દર્શાવવાના રહેશે તે માટે ઉત્તરવહીની પાછળના ભાગે દર્શાવેલ વિગતવારની સૂચનાઓ વાંચી લઈ અવશ્ય અમલવારી કરવાની રહેશે.

3) પરીક્ષાના સમયે ઉમેદવારે કોઈપણ જાતનું સાહિત્ય,મોબાઈલ, કેલ્ક્યુલેટર,વિજાણું યંત્રો કે જે ઉમેદવારને પરીક્ષામાં મદદરૂપ થઈ શકે તે સાથે રાખવા નહીં. આવી કોઈપણ વસ્તુઓ ઉમેદવારો પાસેથી મળશે કે કોઈપણ ઉમેદવાર નકલ કરતા, અથવા કોઈપણ જાતની ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા જણાશે તો તેવા ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

4) પરીક્ષાની કાર્યવાહી બાબતે કોઈ પ્રશ્ન હોય તો હાથ ઉંચો કરી, વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને જણાવવાનું રહેશે. ઉમેદવારને પ્રશ્નપત્ર અને ઉત્તરવહી (OMR Sheet) મળે કે તુરત જ સૌ પ્રથમ તેની ચકાસણી અવશ્ય કરી લેવાની રહેશે જો પ્રશ્નપત્ર અથવા ઉત્તરવહી (OMR Sheet) માં કોઈપણ ક્ષતિ જણાય તો પરીક્ષા શરૂ થયેથી 15 (પંદર) મિનીટની અંદર વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને તે બાબતે જાણ કરી, બીજી નકલ મેળવી લેવાની રહેશે.

5) ઉત્તરવહી (OMR Sheet) ભરવા માટે વાદળી અથવા કાળી બોલપોઈન્ટ પેનનો જ ઉપયોગ કરવાનો રહેશે.

6) દરેક સાચા ઉત્તર (જવાબ) નો 1 (એક) ગુણ છે. છેકછાકવાળા જવાબો, ખોટા જવાબો અથવા એકથી વધુ જવાબોના 0.25 Negative ગુણ તરીકે કપાત કરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવી. ઉમેદવારે તમામ પ્રશ્નનો પ્રયાસ કરવાનો રહેશે, જો ઉમેદવાર કોઈપણ પ્રશ્નનો જવાબ A, B, C અને D વિકલ્પમાંથી આપવા માંગતા ન હોય તો તેઓએ OMR SHEET માં વિકલ્પ -E (Not attempted) આપેલ છે તે પસંદ કરવાનું રહેશે, જો કોઈપણ વિકલ્પ પસંદ કરેલ નહીં હોય તો 0.25 Negative ગુણ તરીકે કપાત કરવામાં આવશે. તમારે આ ઉત્તરવહિ (OMR SHEET) માં જ ઉત્તર આપવાના છે.

7) ઉત્તરવહીમાં દરેક પ્રશ્નોના ઉત્તરના વિકલ્પો દર્શાવવામાં આવેલ છે. જે વિકલ્પ પસંદ કરો, તેનું વર્તુળ ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે ભરવુ. ઉત્તરવહીમાં એકથી વધારે વર્તુળ ભરવામાં આવશે કે સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરવામાં આવશે તો તેવા જવાબને ખોટા ગણી 0.25 Negative ગુણ તરીકે કપાત કરવામાં આવશે. જેથી પુરતો વિચાર કરી જવાબ નક્કી કર્યા બાદ જ જવાબરૂપે વર્તુળ ભરવુ. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

8) પરીક્ષા દરમિયાન વર્ગખંડ નિરીક્ષક (Invigilator) આપની પાસે હાજરીપત્રક લઈને આવે ત્યારે તેમાં ઉમેદવારે પોતાની વિગતો ચકાસણી કરી પોતાની પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક,પ્રશ્ન પુસ્તિકા કોડ તેમજ ઉત્તરવહી નંબર (OMR Sheet No.) ભર્યા બાદ જ હાજરીપત્રકમાં અવશ્ય સહી કરવાની રહેશે.

9) ઉમેદવારને આપવામાં આવેલ ઉત્તરવહી (OMR Sheet) માં કોઈપણ જગ્યાએ જણાવેલ વિગતો સિવાય નામ કે અન્ય ઓળખ માટેના કોઈપણ પ્રકારના ચિન્હ (નિશાન) દર્શાવવા નહીં. રફકામ માત્ર પ્રશ્ન પુસ્તિકામાં જ કરી શકાશે.

10) ઉત્તરવહી (OMR Sheet) ત્રણ પ્રતમાં આપવામાં આવેલ છે. પરીક્ષા પુરી થયા પછી OMR Sheet ના ત્રણેય પાના પૈકી પહેલુ તથા બીજુ પાનુ વર્ગખંડ નિરીક્ષક (Invigilator) જમા લેશે અને નીચેનું (ત્રીજુ) પાનું (CANDIDATE'S COPY લખેલ) છે તે વર્ગખંડ નિરીક્ષક (Invigilator) જુદુ પાડી ઉમેદવારને આપશે જે મેળવી લેવાની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે. જ્યાં સુધી વર્ગખંડ નિરીક્ષક (Invigilator) આપની પાસે આવીને OMR Sheet ના ઉપરના બંન્ને પાના પરત ના લે તેમજ ઉમેદવારનું પાનું ઉમેદવારને ન આપે અને પરીક્ષાખંડ છોડવાની પરવાનગી ના આપે ત્યાં સુધી ઉમેદવારે પોતાની જગ્યા પર શાંતિથી બેસવાનું રહેશે.

11) પરીક્ષાનો સમય 2 (બે) કલાકનો હોવાથી, પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉમેદવાર કોઈપણ સંજોગોમાં વર્ગખંડ છોડી શકશે નહીં.

1) ભારતના બંધારણનું આમુખ કહે છે, "અમે ભારતના લોકો ભારતને _____ તરીકે સંસ્થાપિત કરવાનો સંકલ્પ કરીએ છીએ".

(A) સાર્વભૌમ ધર્મનિરપેક્ષ લોકશાહી સંસદીય પ્રજાસત્તાક

(B) સાર્વભૌમ સમાજવાદી ધર્મનિરપેક્ષ લોકશાહી પ્રજાસત્તાક

(C) સાર્વભૌમ સમાજવાદી લોકશાહી પ્રજાસત્તાક

(D) સાર્વભૌમ સમાજવાદી ધર્મનિરપેક્ષ ફેડરલ લોકશાહી પ્રજાસત્તાક

2) ભારતીય સંવિધાનના અનુચ્છેદ 21A માં કઈ ઉંમરના બધા બાળકો માટે મફત અને અનિવાર્ય શિક્ષણની જોગવાઈ છે?

(A) પાંચ થી સોળ વર્ષ
(B) છ થી ચૌદ વર્ષ
(C) છ થી અઢાર વર્ષ
(D) છ થી એકવીશ વર્ષ

3) ભારતીય સંવિધાનના ક્યા અનુચ્છેદમાં કાયદા સમક્ષ સમાનતા અને કાયદાની સમાન સુરક્ષાની જોગવાઈ છે?

(A) અનુચ્છેદ 13
(B) અનુચ્છેદ 14
(C) અનુચ્છેદ 15
(D) અનુચ્છેદ 16

4) ભારતીય બંધારણમાં નિમ્નમાંથી ક્યા બંધારણીય સુધારાથી મૂળભૂત ફરજો દાખલ કરવામાં આવી છે ?

(A) બંધારણ (ચોવીશમો) સુધારા અધિનિયમ, 1971

(B) બંધારણ (બેત્તાલીસમો) સુધારા અધિનિયમ, 1976

(C) બંધારણ (ચુવ્વાલીશમો) સુધારા અધિનિયમ, 1978

(D) બંધારણ (બાવનમો) સુધારા અધિનિયમ, 1985

5) ભારતીય સંસદમાં નીચે પૈકી શાનો સમાવેશ થાય છે?

(A) રાષ્ટ્રપતિ, ઉપ-રાષ્ટ્રપતિ, રાજ્યસભા અને લોકસભા

(B) રાજ્યસભા અને લોકસભા

(C) રાજ્યસભા, લોકસભા અને રાજ્યોની વિધાન સભા

(D) રાષ્ટ્રપતિ, રાજ્યસભા અને લોકસભા

**6)** નિમ્નમાંથી કયાં જોડકાં સાચાં છે?

I. બીજી અનુસૂચિ – શપથ અથવા પ્રતિજ્ઞાના નમૂના

II. ત્રીજી અનુસૂચિ – રાષ્ટ્રપતિ અને રાજ્યોના રાજ્યપાલોની જોગવાઈઓ

III. ચોથી અનુસૂચિ – રાજ્યસભાની બેઠકોની ફાળવણી

IV. સાતમી અનુસૂચિ – સંઘ, રાજ્ય અને સમવર્તી યાદીઓ

(A) II અને IV (B) II અને III

(C) III અને IV (D) I અને IV

**7)** રાજ્યસભા દ્વારા નાણાં વિધેયકને કેટલા દિવસ સુધીમાં લોકસભાને પરત મોકલવાની બંધારણમાં જોગવાઈ છે?

(A) ચૌદ દિવસ (B) અઠ્ઠાવીશ દિવસ

(C) એક મહિનો (D) બે મહિના

**8)** બંધારણના અનુચ્છેદ 352 હેઠળ કટોકટી જાહેર કરવામાં આવે ત્યારે નીચેનામાંથી ક્યા મૂળભૂત અધિકારો સ્થગિત થતા નથી?

(A) અનુચ્છેદ 14, 19 અને 21

(B) અનુચ્છેદ 20 અને 21

(C) અનુચ્છેદ 19, 20 અને 21

(D) અનુચ્છેદ 14, 19, 20 અને 21

**9)** નિમ્નમાંથી કયા કેસમાં, સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે ગોપનીયતાનો અધિકાર એ બંધારણ દ્વારા સુરક્ષિત મૂળભૂત અધિકારનો ભાગ છે ?

(A) એમ. પી. શર્મા vs સતીશ ચંદ્ર

(B) કે. એસ. પુટ્ટાસ્વામી vs ભારતીય સંઘ

(C) ખરક સિંઘ vs ઉત્તર પ્રદેશ

(D) ઉપર આપેલા તમામ

**10)** ભારતીય બંધારણનો કયો ભાગ સંઘ અને રાજ્યો હેઠળની સેવાઓ સંબંધિત છે ?

(A) ભાગ XII (B) ભાગ XIII

(C) ભાગ XIV (D) ભાગ XV

**11)** નીચેમાંથી કયા બંધારણીય સુધારા દ્વારા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને માન્યતા આપવાની રાજ્ય સરકારની સત્તા પુનઃ સ્થાપિત કરવામાં આવી?

(A) બંધારણ (એકસો બે સુધારા) અધિનિયમ, 2018

(B) બંધારણ (એકસો ત્રણ સુધારા) અધિનિયમ, 2019

(C) બંધારણ (એકસો ચાર સુધારા) અધિનિયમ, 2019

(D) બંધારણ (એકસો પાંચ સુધારા) અધિનિયમ, 2021

**12)** રાષ્ટ્રપતિ દ્વારા અનુચ્છેદ 356 હેઠળ કરવામાં આવેલ ઉદ્ઘોષણા જો તેને રદ કરવામાં ન આવી હોય તો કેટલા સમય પછી અમલમાં રહેશે નહિ?

(A) બે મહિના　　(B) ત્રણ મહિના

(C) છ મહિના　　(D) નવ મહિના

**13)** નિમ્નમાંથી કયાં જોડકાં સાચાં છે?

I. મૂળભૂત હક્કો–ભાગ III

II. કેન્દ્રશાસિત પ્રદેશો–ભાગ IX

III. પંચાયતો–ભાગ VIII

IV. કટોકટી જોગવાઈઓ–ભાગ XVIII

(A) માત્ર I અને IV　　(B) માત્ર I અને II

(C) માત્ર I અને III　　(D) માત્ર II અને III

**14)** ભારતીય બંધારણમાં અવશિષ્ઠ (શેષ) સત્તાઓ કોનામાં નિહિત છે?

(A) રાષ્ટ્રપતિ　　(B) સંસદ

(C) સુપ્રિમ કોર્ટ ઑફ ઈન્ડિયા　　(D) રાજ્ય વિધાન સભા

**15)** બંધારણના કયા અનુચ્છેદમાં મનુષ્ય વ્યાપાર અને બળજબરીથી કરાવાતી મજૂરી પર પ્રતિબંધની જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) અનુચ્છેદ 17　　(B) અનુચ્છેદ 18

(C) અનુચ્છેદ 23　　(D) અનુચ્છેદ 24

**16)** નિમ્નમાંથી કયું જોડકુ સાચુ નથી?

(A) કલમ 39A- સમાન ન્યાય અને મફત કાનૂની સહાય

(B) કલમ 40- કામ અંગેની ન્યાયી અને માનવોચિત પરિસ્થિતિ અને પ્રસૂતિ સહાયતા માટેની જોગવાઈ

(C) કલમ 44- નાગરિકો માટે એક સરખો દિવાની કાયદો

(D) કલમ 45- છ વર્ષથી નાની ઉંમરના બાળકો માટે શરૂઆતની બાલ્યાવસ્થા દરમિયાન સંભાળ અને શિક્ષણની જોગવાઈ

**17)** નિમ્નમાંથી કયા જોડકાં સાચાં છે ?

I. અનુચ્છેદ 105 – વિધેયકો દાખલ કરવા અને પસાર કરવા અંગે જોગવાઈઓ

II. અનુચ્છેદ 108 – અમુક સંજોગોમાં બંન્ને ગૃહોની સંયુક્ત બેઠક

III. અનુચ્છેદ 110 – નાણાં વિધેયકોની વ્યાખ્યા

IV. અનુચ્છેદ 111 – વિધેયકોને રાષ્ટ્રપતિ દ્વારા અનુમતિ

(A) I, II, III
(B) II, III, IV
(C) I, III, IV
(D) I, II, IV

**18)** નિમ્નમાંથી કયા વિધાનો કાર્યેતર કાનૂન સંબંધિત છે ?

(A) કોઈ વ્યક્તિ ઉપર જે કૃત્ય માટે ગૂનાનુ તહોમત મુકાયુ હોય તે કૃત્ય કરતી વખતે અમલમાં હોય તે કાયદાનો તેણે ભંગ કર્યો હોય તે સિવાયના કોઈ ગૂના માટે તેને દોષિત કરાવી શકાશે નહિ.

(B) એક ગુના માટે એક થી વધુ વખત કોઈ વ્યક્તિ પર કાર્યવાહી કરવામાં આવશે નહીં અને સજા કરવામાં આવશે નહીં.

(C) કોઈપણ ગુનાનાં આરોપીને પોતાની વિરૂદ્ધ સાક્ષી બનવાની ફરજ પાડવામાં આવશે નહીં.

(D) કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા સિવાય કોઈપણ વ્યક્તિને તેના જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત રાખવામાં આવશે નહીં.

**19)** પોલીસ અધિકારીઓ દ્વારા Z ની ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી છે. તેની મુક્તિ માટે નિમ્નમાંથી કઈ રિટ Z ના પિતા કોર્ટ ને કરી શકે છે ?

(A) પ્રતિષેદ
(B) બંદી પ્રત્યક્ષીકરણ
(C) ઉત્પ્રેષણ
(D) પરમ આદેશ

**20)** ભારતીય બંધારણના અનુચ્છેદ 22 માં નિમ્નમાંથી શેની ખાતરી આપવામાં આવેલ નથી ?

(A) ધરપકડ વિશે માહિતી જાણવાનો અધિકાર

(B) પસંગીના વકીલની સલાહ લેવાનો અધિકાર

(C) એક જ ગુના માટે એક થી અધિક વાર, કાર્યવાહી અને સજા ન કરવાનો અધિકાર

(D) ચોવીસ કલાકના સમયમાં સમીપી મેજીસ્ટ્રેટ પાસે હાજર કરવાનો અધિકાર

**21)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ના કયા પ્રકરણમાં પોલીસની ગૂના અટકાવવા સંબંધિત જોગવાઈઓ આપવામાં આવેલ છે ?

(A) પ્રકરણ XI (B) પ્રકરણ XII

(C) પ્રકરણ XIII (D) પ્રકરણ XIV

**22)** જામીનપાત્ર ગુનાની વ્યાખ્યા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમમાં આપવામાં આવેલ છે?

(A) કલમ 2(a) (B) કલમ 2(b)

(C) કલમ 2(c) (D) કલમ 2(d)

**23)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ના નિમ્નમાંથી કઈ કલમમાં પોલીસ અધિકારીની વિનંતીથી તબિબી વ્યવસાયી દ્વારા આરોપીની તપાસ કરવાની જોગવાઈ છે ?

(A) કલમ 51 (B) કલમ 52

(C) કલમ 53 (D) કલમ 54

**24)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ના નિમ્નમાંથી કઈ કલમ ભોગ બનનાર વળતર યોજના સંબંધિત છે ?

(A) કલમ 280B (B) કલમ 287D

(C) કલમ 357A (D) કલમ 289B

**25)** નિમ્નમાંથી કયા કેસમાં, ઝડપી વોરંટ કાઢી શકાય?

(A) જ્યાં કોર્ટ પાસે એવું માનવાનું કારણ છે કે જે વ્યક્તિને દસ્તાવેજ અથવા વસ્તુ રજૂ કરવા માટે બોલાવવામાં આવે છે તે પ્રસ્તુત કરશે નહીં.

(B) જ્યાં દસ્તાવેજ અથવા વસ્તુ કોઈ વ્યક્તિના કબ્જામાં હોવાની જાણ નથી.

(C) જ્યાં સામાન્ય નિરીક્ષણ અથવા શોધ જરૂરી છે.

(D) ઉપર આપેલા તમામ

26) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કલમ 482 અંતર્ગત સત્તાઓ કોને આપે છે?

(A) હાઈકોર્ટ (B) સુપ્રિમ કોર્ટ

(C) સેશન્સ કોર્ટ (D) ઉપર આપેલા તમામ

27) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની નિમ્નમાંથી કઈ કલમ હેઠળ હાઈકોર્ટ દ્વારા મૃત્યુદંડની શિક્ષાની બહાલી જરૂરી છે ?

(A) કલમ 369 (B) કલમ 368

(C) કલમ 366 (D) કલમ 367

28) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની નિમ્નમાંથી કઈ કલમ પોલીસને વૉરંટ વિના ધરપકડ કરવાની સત્તા આપે છે ?

(A) કલમ 54 (B) કલમ 41

(C) કલમ 64 (D) કલમ 144

29) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની નિમ્નમાંથી કઈ કલમ હેઠળ FIR ફાઈલ કરવામાં આવે છે ?

(A) કલમ 151 (B) કલમ 152

(C) કલમ 153 (D) કલમ 154

30) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 નો કયો પ્રકરણ સોદાબાજીની રજૂઆત સંબંધિત છે ?

(A) પ્રકરણ XX (B) પ્રકરણ XXI

(C) પ્રકરણ XXIA (D) પ્રકરણ XXII

31) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમ હેઠળ પબ્લિક પ્રોસીક્યુટરની નિમણુંક કરવામાં આવે છે ?

(A) કલમ 23 (B) કલમ 24

(C) કલમ 25 (D) કલમ 26

**32)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ જોગવાઈ ધરપકડની પદ્ધતિ દર્શાવે છે?

(A) કલમ 41
(B) કલમ 46
(C) કલમ 48
(D) કલમ 54

**33)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમ હેઠળ વૉરંટની અમલવારી ટાળતી વ્યક્તિને ફરાર જાહેર કરી શકાય છે ?

(A) કલમ 82
(B) કલમ 83
(C) કલમ 84
(D) કલમ 92

**34)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમ ધરપકડ કરેલા વ્યક્તિને 24 કલાકમાં મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાની જોગવાઈ કરે છે ?

(A) કલમ 73
(B) કલમ 74
(C) કલમ 75
(D) કલમ 76

**35)** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 નુ કયુ પ્રકરણ રાજ્યસેવકે કરેલ અથવા તેમની સાથે સંબંધ ધરાવતા ગૂના સંબંધે છે?

(A) પ્રકરણ IX
(B) પ્રકરણ XI
(C) પ્રકરણ XIII
(D) પ્રકરણ XIV

**36)** A, એક જમીનદાર, તેના મિલકતની મર્યાદામાં હત્યાની ઘટના જાણવા છતાં, સાપ કરડવાને કારણે મૃત્યુ થયુ છે એવી ખોટી માહિતી જાણી જોઈને જીલ્લાનાં મેજીસ્ટ્રેટને આપે છે. તો A દ્વારા ભારતીય ફોજદારી અધિનિયમની કઈ કલમ હેઠળ ગૂનો કરવામાં આવેલ છે?

(A) કલમ 166
(B) કલમ 167
(C) કલમ 170
(D) કલમ 177

**37)** ભારતીય દંડ સંહિતા, 1860 નીચેનામાંથી કઈ કલમ જાહેર સેવક દ્વારા કાયદા અન્વયેના નિર્દેશોની અવગણના કરવા સંબંધે છે?

(A) કલમ 166A
(B) કલમ 166B
(C) કલમ 168
(D) કલમ 169

**38)** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની નિમ્નમાંથી કઈ કલમમાં, ખૂન ન ગણાય તેવા ગૂનાહિત મનુષ્ય વધ માટે સજાની જોગવાઈ કરે છે?

(A) કલમ 302 (B) કલમ 303

(C) કલમ 304 (D) કલમ 304A

**39)** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની કઈ કલમ હેઠળ અસ્થિર મગજની વ્યક્તિના કૃત્યને સામાન્ય અપવાદોમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે?

(A) કલમ 80 (B) કલમ 81

(C) કલમ 85 (D) કલમ 84

**40)** ભારતીય દંડ સંહિતા, 1860 ની કલમ 83 હેઠળ કઈ વ્યયજૂથની વ્યક્તિના કૃત્યનો સામાન્ય અપવાદોમાં સમાવેશ કરવામાં આવેલ છે?

(A) સાત વર્ષ થી ઉપર અને દશ વર્ષની અંદર

(B) સાત વર્ષ થી ઉપર અને બાર વર્ષની અંદર

(C) સાત વર્ષ થી ઉપર અને સોળ વર્ષની અંદર

(D) સાત વર્ષ થી ઉપર અને અઢાર વર્ષની અંદર

**41)** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની નીચેમાંથી કઈ કલમ હેઠળ કોર્ટના આદેશ અનુસાર કેદીઓને ફાંસી આપનાર જલ્લાદને ફોજદારી જવાબદારીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે?

(A) કલમ 76 (B) કલમ 77

(C) કલમ 78 (D) કલમ 79

**42)** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની કઈ કલમ સામાન્ય ઈરાદાને પાર પાડવા માટે કરેલા કૃત્ય સંબંધિત છે?

(A) કલમ 32 (B) કલમ 33

(C) કલમ 34 (D) કલમ 149

**43)** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની નીચેમાંથી કઈ કલમમાં ગૂનાની વ્યાખ્યા છે?

(A) કલમ 37 (B) કલમ 38

(C) કલમ 39 (D) કલમ 40

**44)** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ના નિમ્નમાંથી કઈ કલમ ગૂનાહિત કાવતરા માટે સજા સૂચવે છે ?

(A) કલમ 120
(B) કલમ 120A
(C) કલમ 120B
(D) કલમ 121A

**45)** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 માં ફોજદારી કાનૂન (સુધારા) અધિનિયમ, 2018 દ્વારા કઈ કલમ દાખલ કરવામાં આવી છે ?

(A) કલમ 376B
(B) કલમ 376C
(C) કલમ 376D
(D) કલમ 376DB

**46)** જો કોઈપણ _____ ઉંમર થી નાની મહિલા પર બળાત્કાર કરે છે તો તેને ઓછામાં ઓછા 20 વર્ષની સખત કેદની સજા કરવાની જોગવાઈ છે?

(A) સાત વર્ષ
(B) બાર વર્ષ
(C) તેર વર્ષ
(D) સોળ વર્ષ

**47)** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની કઈ કલમમાં ખોટો દસ્તાવેજ બનાવવાના ગૂનાની વ્યાખ્યા આપવામાં આવેલ છે?

(A) કલમ 441
(B) કલમ 463
(C) કલમ 493
(D) કલમ 503

**48)** ભારતીય પુરાવા અધિનિયમ, 1872 ની નીચેમાંથી કઈ કલમ કહે છે કે પોલીસ અધિકારી સમક્ષ કરાયેલી કોઈ કબૂલાત, કોર્ટમાં સ્વીકૃત નથી?

(A) કલમ 24
(B) કલમ 25
(C) કલમ 26
(D) કલમ 27

**49)** ભારતીય પુરાવા અધિનિયમ, 1872 ની નીચેમાંથી કઈ કલમ મરણોત્તર નિવેદન (Dying Declaration) સંબંધિત છે ?

(A) કલમ 30
(B) કલમ 31
(C) કલમ 32
(D) કલમ 33

**50)** ભારતીય પુરાવા અધિનિયમ, 1872 નો ડ્રાફ્ટ કોણે તૈયાર કર્યો ?

(A) લોર્ડ મેકાલે

(B) સર જેમ્સ એફ. સ્ટીફન

(C) હક્સલે

(D) સર હેન્રી સમર મેઈન

**51)** ભારતીય પુરાવા અધિનિયમ, 1872 પ્રમાણે, નીચેનામાંથી ક્યું ગૌણ પુરાવા રૂપે લાયકાત ધરાવતું નથી ?

(A) કોઈપણ દસ્તાવેજની પ્રમાણિત નકલો

(B) યાંત્રિક પ્રક્રિયાથી મૂળમાંથી બનાવેલી નકલો

(C) અમુક વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજની વિષયવસ્તુનો મૌખિક પુરાવો જે એણે બીજાનાં મુખેથી સાંભળેલ છે.

(D) મૂળમાંથી બનાવેલ અને મૂળ સાથે સરખાવેલ નકલ

**52)** ભારતીય પુરાવા અધિનિયમ, 1872 ની કઈ કલમ હેઠળ દસ્તાવેજો સંબંધી ગૌણ પુરાવા આપી શકાય તેવા કિસ્સાઓ દર્શાવેલ છે?

(A) કલમ 64

(B) કલમ 65

(C) કલમ 66

(D) કલમ 67

**53)** ભારતીય પુરાવા અધિનિયમ, 1872 ની કઈ કલમ હેઠળ કોર્ટ અશિષ્ટ અને નિંદાયુક્ત પ્રશ્નો પૂછવા પર મનાઈ ફરમાવી શકે?

(A) કલમ 153

(B) કલમ 151

(C) કલમ 152

(D) કલમ 154

**54)** ભારતીય પુરાવા અધિનિયમ, 1872 નુ કયુ પ્રકરણ મૌખિક પુરાવા સંબંધિત છે ?

(A) પ્રકરણ III

(B) પ્રકરણ IV

(C) પ્રકરણ V

(D) પ્રકરણ VI

**55)** ગુજરાત પોલીસ અધિનિયમ, 1951, કલમ 25 હેઠળ પોલીસ અધિકારી વિરૂદ્ધ કરવામાં આવેલ કોઈપણ આદેશ સામે અપીલ ______ સમયગાળાની અંદર કરવાની રહેશે.

(A) પંદર દિવસ

(B) ત્રીસ દિવસ

(C) પિસ્તાલીસ દિવસ

(D) સાઈઠ દિવસ

56) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 હેઠળ નિમ્નમાંથી કોણ રાજ્ય સલામતી આયોગના સદસ્ય નથી ?

(A) રાજ્યના મુખ્યમંત્રી

(B) ગૃહ વિભાગના ઈન્ચાર્જ મંત્રી

(C) ડાયરેક્ટર જનરલ અને ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ

(D) ઉપરમાંથી કોઈપણ નહીં.

57) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 હેઠળ, પોલીસ મહેકમ બોર્ડ પાસે નીચેનામાંથી કઈ સત્તા કે જવાબદારી નથી?

(A) પોલીસ ઈન્સ્પેક્ટર અને સબ-ઈન્સ્પેક્ટરની બદલી

(B) કોન્સ્ટેબલ અને લોક રક્ષકના કેડરમાંથી ઉચ્ચ હોદ્દા માટે બઢતી

(C) પોલીસ ઈન્સ્પેક્ટર અને સબ-ઈન્સ્પેક્ટરની ભરતી

(D) ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ થી નીચેનાં દરજ્જાના પોલીસ અધિકારીઓની ફરિયાદનું પૃથ્થકરણ કરી રાજ્ય સરકારને ઉપચારત્મક પગલાં સૂચવવાં

58) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 હેઠળ રાજ્ય પોલીસ ફરિયાદ સત્તામંડળમાં નિમ્નમાંથી કોનો સદસ્ય તરીકે સમાવેશ થાય છે?

I. ફરજ પર હોય તેવા હાઈકોર્ટના ન્યાયાધીશ.

II. અગ્ર સચિવથી નીચેનો ન હોય તેવા દરજ્જા પરથી ગુજરાત સરકારમાંથી નિવૃત્ત થયેલ હોય તેવા અધિકારી

III. અધિક પોલીસ મહા નિર્દેશકથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારી

IV. એક નામાંકિત વ્યક્તિ

(A) I, II, III, IV

(B) I, II અને IV

(C) I, III અને IV

(D) II, III અને IV

59) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ના નિમ્નમાંથી કયા પ્રકરણમાં ગુનાઓ અને શિક્ષાની જોગવાઈ છે ?

(A) પ્રકરણ V

(B) પ્રકરણ VI

(C) પ્રકરણ VII

(D) પ્રકરણ VIII

60) ગુજરાત નશાબંધી ધારો, 1949 ના નિમ્નમાંથી ક્યા પ્રકરણમાં ગુના અને શિક્ષાની જોગવાઈ છે ?

(A) પ્રકરણ છ
(B) પ્રકરણ સાત
(C) પ્રકરણ આઠ
(D) પ્રકરણ નવ

61) ગુજરાત નશાબંધી ધારો, 1949 હેઠળ નીચેનામાંથી કઈ કલમ હેઠળ રાજ્ય સરકાર હોટલના મેનેજરને વિદેશી દારૂ વેચવાનો પરવાનો આપી શકે?

(A) કલમ 35
(B) કલમ 36
(C) કલમ 37
(D) કલમ 38

62) ગુજરાત નશાબંધી ધારા, 1949 ના નિમ્નમાંથી કઈ કલમ દારૂના ઉત્પાદન, આયાત, નિકાસ, પરિવહન, કબ્જો, વેચાણ અથવા ખરીદી પર પ્રતિબંધ મૂકે છે ?

(A) કલમ 11
(B) કલમ 12
(C) કલમ 13
(D) કલમ 14

63) ગુજરાત નશાબંધી ધારા, 1949 હેઠળ, કલેક્ટર અથવા ડાયરેક્ટર સિવાય, કોઈપણ નશાબંધી અધિકારીએ પસાર કરેલા તમામ આદેશ, ની સામે કરેલા હુકમની તારીખ થી ______ સમયમાં કલેક્ટરને અપીલ કરી શકાશે.

(A) ત્રીસ દિવસ
(B) સાઈઠ દિવસ
(C) નેવું દિવસ
(D) એકસો ને વીશ દિવસ

64) ગુજરાત નશાબંધી ધારા,1949 ની કઈ કલમ હેઠળ આ ધારા હેઠળ જેમને પણ સત્તા આપવામાં આવેલ છે તેવા અધિકારીઓને ભારતીય દંડ સંહિતાના કલમ 21 ના અર્થમાં જાહેર સેવક ગણવાની જોગવાઈ છે?

(A) કલમ 142
(B) કલમ 143
(C) કલમ 144
(D) કલમ 145

65) ગુજરાત નશાબંધી ધારા, 1949 નું પ્રકરણ III શાને સંબંધિત છે?

(A) પ્રતિબંધો
(B) નિયંત્રણ, નિયમન અને છૂટ
(C) આબકારી જકાત
(D) અધિકારીઓની સત્તાઓ અને ફરજો તથા કાર્યવાહી

**66)** ગુજરાત નશાબંધી ધારા, 1949 ની કઈ કલમ હેઠળ આરોગ્યના કારણોસર પરવાનો આપવાની જોગવાઈ છે?

(A) કલમ 39
(B) કલમ 40
(C) કલમ 40A
(D) કલમ 40B

**67)** ભ્રષ્ટાચાર નિવારણ ધારા, 1988 હેઠળ નિમ્નમાંથી કોણ જાહેર સેવક નથી?

(A) ન્યાયાધીશ
(B) સ્થાનિક સત્તામંડળની સેવામાં અથવા પગાર પર કોઈપણ વ્યક્તિ.
(C) કોઈપણ વ્યક્તિ કે જે કોઈ હોદ્દો ધરાવે છે અને જાહેર સેવા કરવા માટે અધિકૃત છે.
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં.

**68)** ભ્રષ્ટાચાર નિવારણ ધારા, 1988 હેઠળ વિશેષ ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે વ્યક્તિ ઓછામાં ઓછા કયા હોદ્દા પર કામ કરેલુ હોવું જોઈએ?

(A) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
(B) ચીફ જ્યુડીશિયલ
(C) સેશન્સ જજ
(D) હાઈ કોર્ટ જજ

**69)** ભ્રષ્ટાચાર નિવારણ ધારા, 1988 આધીન જાહેર સેવકને ભ્રષ્ટ અથવા ગેરકાયદેસર રીતે અથવા વ્યક્તિગત પ્રભાવનો ઉપયોગ કરીને અનુચિત લાભ લેવા માટે પ્રભાવિત કરનારને અધિકતમ સજા :

(A) ત્રણ વર્ષ અને દંડ માટે પણ જવાબદાર રહેશે.
(B) પાંચ વર્ષ અને દંડ માટે પણ જવાબદાર રહેશે.
(C) સાત વર્ષ અને દંડ માટે પણ જવાબદાર રહેશે.
(D) સાત વર્ષ

**70)** ભ્રષ્ટાચાર નિવારણ ધારા, 1988 હેઠળ જોગવાઈઓને અમલમાં મૂકવા માટે નિયમ બનાવવાની સત્તા કોની પાસે છે?

(A) રાજ્ય સરકાર
(B) કેન્દ્ર સરકાર
(C) રાજ્ય અને કેન્દ્ર સરકાર
(D) આમાંથી એક પણ નહિ.

**71)** ભ્રષ્ટાચાર નિવારણ ધારા, 1988 ની નિમ્નમાંથી કઈ કલમમાં પ્રોસીક્યુશન માટે પૂર્વ મંજૂરોની જોગવાઈ છે?

(A) કલમ 17
(B) કલમ 18
(C) કલમ 19
(D) કલમ 20

72) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારા, 1989 માં નિમ્નમાંથી કઈ કલમો અત્યાચારના ગુના માટે સજાની જોગવાઈ કરે છે ?

(A) કલમ 3
(B) કલમ 4
(C) કલમ 5
(D) કલમ 6

73) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો, 1989 હેઠળ જાહેર સેવક દ્વારા ફરજની અવગણના માટે કેટલી મહત્તમ સજાની જોગવાઈ છે?

(A) 6 મહિના
(B) 9 મહિના
(C) એક વર્ષ
(D) બે વર્ષ

74) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો, 1989 હેઠળ ઝડપી ટ્રાયલ પૂરી પાડવાનાં હેતુથી, રાજ્ય સરકાર, _______ ની સંમતિ સાથે, એક થી વધુ જીલ્લા માટે વિશિષ્ટ વિશેષ અદાલતની સ્થાપના કરી શકે છે.

(A) રાજ્યના મુખ્ય મંત્રી
(B) રાજ્યના રાજ્યપાલ
(C) હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં.

75) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારા, 1989 ની કલમ 14A હેઠળ કેટલા દિવસની અંદર અપીલ કરવાની જોગવાઈ છે?

(A) ત્રીસ દિવસ
(B) સાઈઠ દિવસ
(C) નેવું દિવસ
(D) એકસો વીસ દિવસ

76) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો, 1989 ની નિમ્નમાંથી કઈ કલમમાં ભોગ બનનાર અને સાક્ષીના હકની જોગવાઈ છે ?

(A) કલમ 14A
(B) કલમ 15
(C) કલમ 15A
(D) ઉપરોક્તમાંથી કોઈનહીં

77) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો, 1989 ની કઈ કલમમાં સામૂહિક દંડ લાદવાની જોગવાઈ છે?

(A) કલમ 10
(B) કલમ 12
(C) કલમ 14
(D) કલમ 16

**78)** મોટર વાહન ધારો, 1988 ના નિમ્નમાંથી ક્યા પ્રકરણમાં મોટર વાહનની નોંધણીની જોગવાઈ છે ?

(A) પ્રકરણ II
(B) પ્રકરણ III
(C) પ્રકરણ IV
(D) પ્રકરણ V

**79)** મોટર વાહન ધારો, 1988 ની કલમ 129 હેઠળ કઈ ઉંમરની વ્યક્તિ માટે હેલ્મેટ પહેરવુ ફરજિયાત છે?

(A) ચાર વર્ષથી ઉપર
(B) સાત વર્ષથી ઉપર
(C) આઠ વર્ષથી ઉપર
(D) દસ વર્ષથી ઉપર

**80)** મોટર વાહન ધારો, 1988 ની નિમ્નમાંથી કઈ કલમ મોટર વાહન એક્સિડન્ટ ફંડની રચના માટે કેન્દ્ર સરકારને અધિકૃત કરે છે ?

(A) કલમ 124
(B) કલમ 137
(C) કલમ 164-A
(D) કલમ 164-B

**81)** મોટર વાહન ધારો, 1988 હેઠળ, વાદ ગ્રસ્ત રકમ _____ થી ઓછી હોય તો ક્લેઈમ ટ્રિબ્યુનલના ચૂકાદા સામે અપીલ થઈ શકશે નહિ.

(A) દશ હજાર રૂપિયા
(B) પચાસ હજાર રૂપિયા
(C) પંચોત્તેર હજાર રૂપિયા
(D) એક લાખ રૂપિયા

**82)** મોટર વાહન ધારા, 1988 ની કઈ કલમ હેઠળ ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવે છે?

(A) કલમ 7
(B) કલમ 8
(C) કલમ 9
(D) કલમ 10

**83)** મોટર વાહન ધારા, 1988 મુજબ _____ થી નાની ઉંમરના વ્યક્તિ જાહેર સ્થળે ટ્રાન્સપોર્ટ વાહન ચલાવી શકે નહીં.

(A) અઢાર વર્ષ
(B) વીસ વર્ષ
(C) એકવીસ વર્ષ
(D) બાવીસ વર્ષ

**84)** ભારતીય બંધારણ ______ દિવસે અપનાવામાં આવેલો.

(A) 26મી જાન્યુઆરી 1950
(B) 26મી નવેમ્બર 1949
(C) 15મી ઓગષ્ટ 1947
(D) 15મી નવેમ્બર 1947

**85)** ભારતીય બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીનાં ચેરમેન કોણ હતા ?

(A) ડૉ બી.આર. અમ્બેડકર
(B) ડૉ રાજેન્દ્ર પ્રસાદ
(C) જવાહરલાલ નહેરૂ
(D) અલ્લાડી કૃષ્ણસ્વામી ઐય્યર

**86)** ભારતીય બંધારણમાં નિમ્નમાંથી કયો મૂળભૂત અધિકાર નથી ?

(A) સ્વતંત્રતાનો અધિકાર
(B) સમાનતાનો અધિકાર
(C) સંપત્તિનો અધિકાર
(D) શોષણ વિરૂદ્ધ અધિકાર

**87)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમમાં ટૂંકું શિર્ષક અને હદનો સમાવેશ કરવામાં આવેલ છે?

(A) કલમ 1
(B) કલમ 2
(C) કલમ 3
(D) કલમ 4

**88)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 કયા દિવસે અમલમાં આવ્યો?

(A) 1લી એપ્રિલ 1973
(B) 1લી જુલાઈ 1973
(C) 1લી ડિસેમ્બર 1973
(D) 1લી એપ્રિલ 1974

**89)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 અનુસાર કોગ્નીઝેબલ ગુનો શું છે ?

(A) તે ગુનો જેમા વૉરન્ટ વગર પોલીસ અધિકારી ધરપકડ કરી શકે છે.
(B) તે ગુનો જેમા વૉરન્ટ વગર પોલીસ અધિકારી ધરપકડ કરી શકતો નથી.
(C) (A) અને (B) બંને.
(D) ઉપરમાંથી કોઈ નહીં.

**90)** ભારતીય ફોજદારી અધિનિયમ-1973 ની કલમ 299 શાને સંબંધિત છે ?

(A) ચોરી

(B) હત્યા

(C) દોષિત હત્યા

(D) બેદરકારીથી મૃત્યુ નિપજાવવુ

**91)** ભારતીય ફોજદારી અધિનિયમ ની કઈ કલમ લૂટના ગૂનાની વ્યાખ્યા કરે છે?

(A) 378

(B) 390

(C) 405

(D) 410

**92)** ભારતીય પુરાવા અધિનિયમનો કયો ભાગ હકીકતોની પ્રસ્તુતતા સંબંધિત છે ?

(A) ભાગ I

(B) ભાગ II

(C) ભાગ III

(D) ભાગ IV

**93)** ભારતીય પુરાવા અધિનિયમનો પ્રકરણ સાત શાને સંબંધિત છે?

(A) મૌખિક પુરાવા

(B) દસ્તાવેજી પુરાવા

(C) સાબિતીનો બોજો

(D) તથ્યો જેને સાબિત કરવાની જરૂર નથી

**94)** ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ની કઈ કલમ સમગ્ર રાજ્યને આ કાયદાનુ કાર્યક્ષેત્ર જાહેર કરે છે?

(A) કલમ 1

(B) કલમ 2

(C) કલમ 3

(D) કલમ 4

**95)** ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 માં કેટલી અનુસૂચિઓ છે ?

(A) 4

(B) 5

(C) 6

(D) 7

**96)** ક્યા વર્ષમાં, બોમ્બે નશાબંધી અધિનિયમ, 1949 નું નામ બદલીને ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 કરવામાં આવ્યું ?

(A) 1962 (B) 1980

(C) 2011 (D) 2020

**97)** ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમમાં ક્યા વર્ષમાં સુધારો કરવામાં આવ્યો ?

(A) 2000 (B) 2007

(C) 2010 (D) 2018

**98)** ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ ની કલમ 2 શાને સંબંધિત છે?

(A) વ્યાખ્યાઓ

(B) વિશેષ ન્યાયાધીશ ની નિમણૂંકની સત્તા

(C) વિશેષ ન્યાયાધીશ દ્વારા ચલાવવા પાત્ર કેસો

(D) દેશી દારૂના કબજા માટે શિક્ષા

**99)** મોટર વાહન અધિનિયમ કોણે પસાર કર્યો?

(A) ભારતીય સંસદ

(B) રાજ્ય વિધાનસભા

(C) ભારતીય સંસદ અને રાજ્ય વિધાનસભા

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

**100)** ક્યા વર્ષમાં મોટર વાહન અધિનિયમ અમલમાં આવ્યો હતો ?

(A) 1988 (B) 1989

(C) 1990 (D) 1992

રફ કામ